# કમિશ્નરેટ ઓફ ટેકનિકલ એજ્યુકેશન, ગુજરાત રાજ્ય

# એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ કોર્ષિસ [ACPC]

એલ. ડી. કૉલેજ ઓફ એન્જિ. કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૫.

## ડિપ્લોમા ઈજનેરી પછીના ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોમાં બીજા વર્ષ (ત્રીજા સેમેસ્ટર)માં ઓનલાઈન પ્રવેશ કાર્યક્રમ: વર્ષ ૨૦૨૩-૨૪

ડિપ્લોમા ઈજનેરી પછીના ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોમાં બીજા વર્ષ (ત્રીજા સેમેસ્ટર)માં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં પ્રવેશ માટે લાયકાત ધરાવતા ઉમેદવારો માટે વેબ આધારિત ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવેલ છે. જે અન્વયે ઉપલબ્ધ બેઠકોમાં સરકારી, અનુદાનિત તથા સ્વનિર્ભર સંસ્થાની તમામ બેઠકોનો સમાવેશ થાય છે. પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લેવા માટે ઈન્ટરનેટ દ્વારા ઓનલાઈન રજીસ્ટ્રેશન ફરજીયાત છે. ઈન્ટરનેટ સુવિધા ન ધરાવતા ઉમેદવાર કોઈપણ ચાર્જ ભર્યા વિના પ્રવેશ સમિતિ દ્વારા નિયુક્ત સાયબર સ્પેસ સેન્ટર્સ (સૂચિ વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે) ઉપર રજીસ્ટ્રેશનની સુવિધા મેળવી શકશે.

**<u>પ્રવેશની લાયકાત:</u>**

ડિપ્લોમા ઈજનેરીની પરીક્ષા કુલ ગુણના ૪૫% (SC/ST/SEBC/EWS ઉમેદવારો માટે ૪૦%) કે તેથી વધુ ગુણ સાથે પાસ કરેલ હોવી જોઈએ. ઉપરોક્ત પ્રવેશ માટે ડિપ્લોમા ઈજનેરીની વિદ્યાશાખાની અંતિમ પરીક્ષા નવેમ્બર/ડિસેમ્બર ૨૦૨૨માં અથવા વર્ષ ૨૦૨૩માં પાસ કરેલ હોય તેવા ઉમેદવારો લાયક રહેશે.

અ] **<u>સરકારી તથા અનુદાનિત સંસ્થાઓની માન્ય બેઠકોની ૯૫% બેઠકો અને સ્વનિર્ભર સંસ્થાઓની ૫૦% બેઠકો માટે :</u>** પ્રવેશના નિયમોમાં ઉલ્લેખિત ગુજરાત રાજ્ય સ્થિત માન્ય સંસ્થા/યુનિવર્સિટીમાંથી અથવા ઉલ્લેખિત અન્ય જોગવાઈ સાથે લઘુત્તમ લાયકાત સાથે ડિપ્લોમા ઈજનેરીની પરિક્ષા પાસ કરેલ હોય તેવા તમામ ઉમેદવારો ઉપરોક્ત બેઠકો માટે લાયક રહેશે.

બ] **<u>સરકારી તથા અનુદાનિત સંસ્થાઓની માન્ય બેઠકોની ૫% બેઠકો માટે :</u>** પ્રવેશના નિયમોમાં ઉલ્લેખિત સમગ્ર દેશમાં (ગુજરાત રાજ્ય સિવાય) સ્થિત માન્ય સંસ્થા/યુનિવટીમાંથી લઘુત્તમ લાયકાત સાથે ડિપ્લોમા ઈજનેરીની પરિક્ષા પાસ કરેલ હોય તેવા તમામ ઉમેદવારો ઉપરોક્ત બેઠકો માટે લાયક રહેશે.

**AICTEના પ્રવર્તમાન નિયમો અન્વયે કોઈપણ વિદ્યાશાખામાં ડિપ્લોમા ઈજનેરી ધરાવતા ઉમેદવારો ડિગ્રી ઈજનેરીની કોઈપણ વિદ્યાશાખામાં પ્રવેશ મેળવી શકશે.**

વધુ વિગતો માટે સમિતિની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ ગુજરાત સરકાર દ્વારા સમયાંતરે પ્રસિધ્ધ કરવામાં આવતા પ્રવેશના નિયમોનો સંદર્ભ લેવો અનિવાર્ય છે.

**<u>રજીસ્ટ્રેશનની પ્રક્રિયા:</u>**

- ઓનલાઈન રજીસ્ટ્રેશનની પ્રક્રિયા તા.૦૧/૦૬/૨૦૨૩ના રોજ બપોરે ૧૨:૦૦ વાગ્યાથી શરૂ થઈ તા.૦૭/૦૭/૨૦૨૩ સુધી ચાલશે.
- ઉમેદવારે સંબંધિત ડોક્યુમેન્ટ અપલોડ કરીને રજીસ્ટ્રેશનની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે અને રજીસ્ટ્રેશન ફી રૂ.૩૫૦/- (નોન રિફંડેબલ) ઓનલાઈન મોડ દ્વારા ચૂકવવાની રહેશે.
- ઉમેદવારે કોઈપણ ડોક્યુમેન્ટ રૂબરૂ આપવાની અથવા તેની રૂબરૂ ચકાસણી કરાવવા જવાની જરૂર નથી. પ્રવેશ માટેની સંપૂર્ણ પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઈન છે.
- ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે કે પ્રવેશ સમિતિની વેબસાઈટ અને લોગ-ઈન પોર્ટલ દ્વારા વિવિધ માહિતીઓ, ડોક્યુમેન્ટ ચકાસણી પ્રક્રિયા અને અન્ય માર્ગદર્શિકા સંબંધિત જાણકારી માટે રોજ મુલાકાત લેશો.

**<u>વિશેષ નોંધ:</u>** જે ઉમેદવારોને ડિપ્લોમા પૂર્ણ કરવા માટે ખૂટતા વિષયોની પરીક્ષા (સેમેસ્ટર ૧ થી ૬) આપેલ હોય અને પરિણામ જાહેર થવાના બાકી હોય તેવા વિદ્યાર્થીઓ રજીસ્ટ્રેશન કરાવી શકશે, પરંતુ ઉમેદવારોના પરિણામ તેઓની યુનિવર્સિટી દ્વારા મેરીટ પ્રસિધ્ધ કર્યા પહેલા જાહેર કરવામાં તથા જરૂરી યોગ્યતા ધરાવતા હશે તેવા જ ઉમેદવારોનો મેરીટ યાદીમાં સમાવેશ કરવામાં આવશે જેની લાગુ પડતા ઉમેદવારોએ નોંધ લેવી.

| પ્રવેશ પ્રક્રિયા માટે ACPC દ્વારા ઓનલાઈન સુવિધાઓ | |
|---|---|
| **સુવિધાનો પ્રકાર** | **ઉપલબ્ધ પ્રવૃતિઓ** |
| **વેબસાઈટ** : gujacpc.admissions.nic.in | ઓનલાઈન રજીસ્ટ્રેશન, રજીસ્ટ્રેશન ફીની ચુકવણી |
| | સંસ્થા અને અભ્યાસક્રમની ચોઈસ ફીલીંગ |
| | ફાળવણીનું પરિણામ, પ્રવેશ કાયમ કરવો અથવા રદ કરવો (જો જરૂર લાગે તો) |
| | પ્રવેશ કાયમ કરવા માટે ટોકન ટ્યુશન ફીની ચુકવણી |
| **વેબસાઈટ** : www.acpc.gujarat.gov.in www.jacpcldce.ac.in | સૂચનાઓ, લાયકાત અને મેરિટ તૈયાર કરવાના નિયમો, જાહેરખબરો અને તમામ પ્રકારની જાહેરાતો તથા સમગ્ર પ્રવેશ પ્રક્રિયાને લગતાં સુધારા-વધારા,ઈ-બુકલેટ, વગેરે. |
| | સંસ્થાઓની યાદી તથા ઉપલબ્ધ અભ્યાસક્રમો |
| | નિયુક્ત સાયબર સ્પેસ સેન્ટર્સની યાદી |
| | પ્રવેશનું સમયપત્રક, કોમન મેરિટ લિસ્ટ,કટ-ઓફ માર્ક્સ અને અન્ય સુવિધાઓ |
| **નિયુક્ત સાયબર સ્પેસ સેન્ટર્સ (તમામ કામકાજના દિવસો માટે સવારે ૧૧થી સાંજે ૫ વાગ્યા સુધીનો સમય)** | પ્રવેશ પ્રક્રિયા માટે વિના મુલ્યે ઓનલાઈન સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા તથા પ્રવેશ પ્રક્રિયાને લગતા કોઈપણ પ્રશ્નો માટે |
| **૨૪x૭ સમયની હેલ્પલાઈન** | ૦૭૯-૨૬૫૬૬૦૦૦ પ્રવેશ પ્રક્રિયાને લગતા કોઈપણ પ્રશ્નો માટે |
| **સમિતિની ઉપર દર્શાવ્યા સિવાયની અન્ય કોઈ વેબસાઈટ નથી** | |

તા.૦૧/૦૬/૨૦૨૩ - મેમ્બર સેક્રેટરી

**હેલ્પ લાઈન નંબર (૨૪x૭) : ૦૭૯-૨૬૫૬૬૦૦૦**